
# નંદુકાકાની વૃક્ષકથા



**ખા**સ કરીને ગુજરાતમાં અને તેમાંય કાઠીયાવાડમાં પૂર્ણસમય માટે 'વૃક્ષાનંદ માણનારા' (ગામના વૃક્ષ નીચે આખો દિવસ નવરા બેઠા બેઠા આનંદ માણનારા.) 'પતિઓની વનસ્પતિ પર શી અસર થાય છે!' 'છોડમાં રણછોડ છે.' એ રહસ્ય કરતાય 'છોડ નીચે જે રણછોડ હોય છે!' તેમાં ઘણા રહસ્યો ધરબાયેલા હોય છે. આપણા મહાન વૈજ્ઞાનિક સર જગદીશચંદ્ર બોઝે 'વનસ્પતિ સજીવ છે અને તે સંવેદના અનુભવે છે. વનસ્પતિ પર સંગીતની પણ અસર થાય છે.' એ વર્ષોની (વિ)જ્ઞાનસાધનાને અંતે શોધી કાઢ્યું, પણ જો બોઝ સાહેબે 'ઉપર જણાવ્યા મુજબ વૃક્ષ નીચે મોટાભાગનું જીવન વિતાવનાર થકી વૃક્ષ પર કેવી વીતે છે.' તે બાબતમાં સંશોધન કર્યું હોત તો વનસ્પતિશાસ્ત્રના અભ્યાસની સાવ નવી દિશા ખુલી હોત. કારણ કે તેમાંથી એવા એવા રહસ્યો બહાર આવ્યા હોત કે દરેક ભારતવાસી ઘેર બેઠા બેઠા જ પરમજ્ઞાનને પામી શક્યો હોત, પણ અફસોસ કે બોઝ સાહેબ એ દિશા ચૂકી ગયા. ખેર, એ ભલે ચૂક્યા, પણ વૃક્ષો નીચે બેસનાર એક દિવસ પણ ચૂક્યા નથી. તેઓ બારેમાસ વૃક્ષ નીચે બેઠક જમાવે છે.

આપણે પ્રાથમિક સ્કૂલમાં ભણતા ત્યારે શિક્ષકો ગાઇડમાંથી કેટલીક આત્મકથાઓ આપણને લખાવતા, ગોખાવતા. જેમ કે ફાટેલા ખમીસની આત્મકથા, ફાટેલા જોડાની આત્મકથા, ફાટેલા પુસ્તકની આત્મકથા, ફાટેલા મગજવાળાની આત્મકથા (જો કે એ અભ્યાસક્રમમાં નહોતી.) બે રૂપિયાની નોટની આત્મકથા વગેરે. આવી આત્મકથાઓથી આપણે પરિચિત છીએ. આમાં કથાઓ જુદી જુદી હોય છે પણ બધાનો આત્મા એક જ હોય છે. કારણ કે દર વખતે ગાઇડ લખનાર એક જ આત્મા હોય છે. આ રીતે અમારા મગજમાં આત્મકથાની ફિક્સ ડિઝાઇન રચાયેલી. અમને તેમાંથી જ આ વૃક્ષકથા લખવાની પ્રેરણા થઇ, પણ જરા જૂદા કારણોસર થઇ. કહેવાય છે કે ભગવાન બુદ્ધે પીપળાના વૃક્ષ નીચે વર્ષો સુધી તપશ્ચર્યા કરી પછી તેમને જ્ઞાન થયું, પણ અમે પીપળા નીચે બેસનાર એક એવા ધુરંધરને જોયા છે.

(આ ધુરંધર શબ્દ આપણે ત્યાં 'ધુરંધર' ફિલ્મ આવ્યા પહેલાનો વપરાય છે હો.) કે તેઓ બાવીસ બાવીસ વર્ષ સુધી પીપળા નીચે બેઠા. જો વર્ષોના હિસાબે ગણીએ તો ભગવાન બુદ્ધ કરતા તે વધી જાય, પણ તેમને જરા જુદું જ્ઞાન પ્રાપ્ત થયું! (જેવી જેની ભક્તિ!) આવી રીતે જ્ઞાન પ્રાપ્ત કરનારા જે અમારા દૂરના સગા હતા (અને દૂર જ રાખવા પડે એવા!) તેમનું નામ નંદુકાકા. નંદુકાકા જરૂર કરતાં પણ વધારે તંદુરસ્ત, શરીર મજબૂત અને જાડુ! (બુદ્ધિ અને શરીર બંને સરખા!) તેઓ પૂળોપૂળો મૂછો રાખે. એમની પાસે તે એક જ સંપત્તિ હતી અને આ સંપત્તિ પર કોઇપણ પ્રકારની મંદી કે દુષ્કાળની અસર થતી નહીં. આવા નંદુકાકાનું ઘર ગામના પાદરમાં જ હતું. ઘરમાંથી બહાર નીકળે એટલે તરત જ સામે બસ સ્ટેન્ડનું છાપરું અને બાજુમાં મોટો પીપળો અને પીપળા ફરતે ઓટલો! પીપળા નીચે તેમને ઓટલો મળી રહે અને ઘેર રોટલો મળી રહે. પછી આવા દિલના રાજાને શું જોઇએ? એમ તો નંદુકાકાના ફળિયામાં પણ ઓટલો હતો પણ ત્યાં કાકી તેમને ટકવા દેતા નહીં. એટલે તેમણે ગામના પાદરના બોધિવૃક્ષ નીચે જ આસન લગાડ્યું. ભગવાન બુદ્ધ તો એક જ વાર ગૃહત્યાગ કરીને જંગલમાં બોધિવૃક્ષ નીચે બેઠા. જ્યારે નંદુકાકા કાકીના કકળાટને કારણે દરરોજ ગૃહત્યાગ કરી પીપળે પાવન પગલાં પાડતા. એટલે ગૃહત્યાગના મુદ્દે તેઓ શેરની માથે સવા બશેર ગણાય. અલબત્ત સવારે ગૃહત્યાગ કર્યો હોય તો બપોરે પાછા ગૃહપ્રવેશ કરે. વળી જમી કારવીને બપોરે ગૃહત્યાગ કરે તો મોડી સાંજે વાળું ટાણે ગૃહ પ્રવેશ કરે. આમ તેમનો ગૃહત્યાગ two way હતો.

સામાન્ય રીતે લોકો બે પ્રકારે ભક્તિ કરે છે. સકામ ભક્તિ અને નિષ્કામ ભક્તિ.

**પીપળા નીચે તેમને ઓટલો મળી રહે અને ઘેર રોટલો મળી રહે. પછી આવા દિલના રાજાને શું જોઇએ? એમ તો નંદુકાકાના ફળિયામાં પણ ઓટલો હતો પણ ત્યાં કાકી તેમને ટકવા દેતા નહીં**

તેમાં નિષ્કામ ભક્તિ કરનારા બહુ ઓછા, તે બહુ અઘરી. કહેવાય છે કે નંદુકાકા નિષ્કામ ભક્તિ કરતાં. કારણ કે તેમણે અત્યાર સુધી કોઇ કામ હાથ પર લીધું જ નહોતું. અરે કામનો વિચારસુદ્ધાં નહોતો કર્યો. તેમ છતાં પણ તેમને જે કોઇએ કામ સોંપ્યા તેણે પછીથી નંદુકાકાના નામથી હાથ ધોઇ નાખ્યા. એટલે કે તેઓ મન, વચન અને કર્મથી નિષ્કામ. આમ તેમણે કામવાસનાને ધરમૂળમાંથી ઊખેડી નાખી હતી. નંદુકાકાને હંમેશા પીપળા નીચે બેઠેલા જોઇને તેમનો પરિવાર કોઇ પણ જાતના ફળની આશા રાખતો નહોતો. હા, 'ઘોડાને નદી સુધી દોરી જઇ શકાય છે, પણ!'ના ધોરણે તેમના ઘરના સભ્યોએ તેમને કામે લગાડવા ઘણી મહેનત કરેલી, ઘણો સંઘર્ષ કરેલો. જેના પરિણામરૂપે પરિવારને એક જ ફળ મળ્યું અને તે હતું 'નિષ્ફળ'. એટલે પરિવારની ફળની લાલચ આપોઆપ છૂટી ગઇ. નિષ્ફળ નામનું ફળ નંદુકાકા જેવા વૃક્ષો પર જ પાકે છે. વૃક્ષને શા માટે સંત જેવું પરોપકારી માનવામાં આવે છે તેનો જવાબ અહીં મળે છે. કહેવાય છે કે પીપળો ચોવીસ કલાક ઓક્સિજન આપે છે. તેથી ઓક્સિજન પર આવી ગયેલા છેવટે પીપળા નીચે ટકી જાય છે. પીપળાએ મુક્ત કરેલો મોટાભાગનો ઓક્સિજન આવા આજીવન સભ્યો જ ખેંચી લે છે. એટલે આજુબાજુના રહેવાસીઓને પૂરતો ઓક્સિજન મળતો નથી. બીજું કે તેઓ પીપળા નીચે બેઠા બેઠા બીડી પીતાં હોય. આ બાજુ પીપળો ઓક્સિજન છોડતો હોય અને નંદુકાકા પીપળા નીચે બેઠા બેઠા કાર્બન મોનોક્સાઇડ, ડાયોક્સાઇડ છોડતા હોય છે. એટલે પીપળાના ઓક્સિજનની કાકાની તંદુરસ્તી પર જેટલી પોઝિટિવ અસર થતી એટલી જ નંદુકાકાના કાર્બન મોનોક્સાઇડની પીપળાની તંદુરસ્તી પર ઊલટી અસર થતી. તેના કારણે કેટલીકવાર પીપળામાં પાનખર વહેલી જોવા મળતી.

**ન બોલવામાં નવ ગુણ**
★ નટવર પંડ્યા

જ્યારે પીપળો નાનો હતો ત્યારેય નંદુકાકા મોટા હતા. તેથી પીપળા પર પહેલા નંદુકાકાનો ઓછાયો પડેલો. પછી કાળક્રમે પીપળો વધીને ઘેઘૂર થયેલો (નંદુકાકા તો પહેલેથી જ ઘેઘૂર હતા!) એટલે પછી પીપળાનો છાયો નંદુકાકાની માથે પડ્યો. આમ પીપળાએ પોતાના પર ઓછાયો પાડનારને પણ છાયો આપીને વૃક્ષધર્મ નિભાવ્યો. નંદુકાકા પીપળા નીચે આસન જમાવીને વર્ષો સુધી બેઠા. એટલે તેમને પણ જબરદસ્ત જ્ઞાન તો થયું. પણ જ્ઞાન એસ.ટી. બસોનું થયું કે 'પડધરી-મેઘપરવાળી બસ ક્યારે આવશે.' 'રાજકોટ કાલાવડ ક્યારે આવશે.' 'રાજકોટ પીપળીયાવાળી લોકલમાં આજે ડ્રાઇવર કંડક્ટર કોણ હશે.' 'પડધરી ઘૂમરો' (એટલે કે રિટર્ન આવતી શટલ) આજે કેમ મોડી છે.' 'છત્રપાલસિંહનો છકડો ક્યારે ઉપડશે' અને ટીકાબાપુનો ટુકડો ક્યારે પાછો આવશે. ('ટુકડો' એટલે મીની બસ, જે મોટી એસ.ટી. બસના અડધા ટુકડા જેવી લાગે એટલે સૌરાષ્ટ્રમાં કેટલીક જગ્યાએ તેને 'ટુકડો' કહેવામાં આવે છે.) આ બધું જ જ્ઞાન નંદુકાકાને જીભને ટેરવે. અરે એટલું જ નહીં નંદુકાકાને એ પણ જ્ઞાન હતું કે પાદરના બસ સ્ટેન્ડે આવીને કોઇ માણસ અમુક દિશામાં અમુક રીતે જુએ એટલે તેને ખ્યાલ આવી જાય કે 'તે માણસના મનમાં કેવો પ્રશ્ન રમી રહ્યો છે.' નંદુકાકા કોઇ પણ પ્રકારની ચોપડી વાંચી ન શકતા પણ માણસના મનમાં પેદા થયેલા સવાલો વાંચી શકતા અને તરત જ તે સવાલોના વગર પૂછ્યે જવાબ આપતા કે 'કાલાવડ જાવું છે ને? તો બસનો ટાઇમ થઇ ગયો છે પણ આજ અડધો કલાક મોડી આવશે. કારણ કે તેમાં કંડક્ટર કનિયો છે.' આમ કયા કંડક્ટરને કારણે બસ કેટલી મોડી આવશે અને 'કોના કારણે ટાઇમે આવશે.' તે પરિવહન શાસ્ત્રનું નંદુકાકાને પૂર્ણ જ્ઞાન. તેમના જ્ઞાનથી પીપળો પણ આશ્ચર્યચકિત થઇ જતો. એ પીપળો હજુ પણ છે પણ નંદુકાકા નથી!

## ગરમાગરમ

*જીવવિજ્ઞાનના શિક્ષકે બકાને પૂછ્યું, "બોલ બકા માણસના હાથની બે આંગળીઓ વચ્ચે જગ્યા શા માટે હોય છે?"*

*બકા ઉત્સાહથી કહ્યું, "બીડી પકડવા!"*